**G. P. Rjt., F-21 07-2021 2,000 PA4***
સા. વ. વિ.ની તા. ૨૭-૦૪-૨૦૧૧ની નોંધ
ઉદ્યોગ અને ખાણ વિભાગના પત્ર ક્રમાંક : મલસ-૧૦૨૦૦૯-૫૯૨૮૦૯, ડ-૨, તા. ૧૧-૫-૨૦૧૧
અને ઠરાવ ક્રમાંક : મદસ/૨૦૧૬/૨૦૫/ડ-૨, તા. ૧૯-૧૧-૨૦૧૬ તથા
ઠરાવ ક્રમાંક : મદણ/૧૧૨૦૨૦/૬૭૨/ડી-૨, તા. ૦૩-૦૭-૨૦૨૧

| **ગેઝેટ રજી. નં.** | |
|---|---|

અરજદારનો ફોટો

# નોટિસ ફોર્મ

જન્મ તારીખમાં ફેરફાર અંગેની જાહેરાત ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા માટેનું ફોર્મ

**નોંધ : આ ફોર્મ ભરતા પહેલાં સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરવું. તારીખ, મહિનો અને વર્ષ નીચે છાપેલી જગ્યામાં શબ્દોમાં જ લખવાં. આ ફોર્મ તથા એફીડેવીટ ગુજરાતી ભાષામાં જ ભરવું.**

આથી જાહેર કરવામાં આવે છે કે, નીચે સહી કરનારે પોતાની જન્મ તારીખ .................... ને બદલીને તારીખ .................... કરી છે. (શબ્દોમાં ....................)

**નોંધ : નોટિસમાં સમાવિષ્ટ વિગતનાં ખરાપણાં અંગે સરકાર કોઈ જવાબદારી સ્વીકારતી નથી.**

નામ : ....................

સરનામું : ....................

ગામ/શહેર : .................... તાલુકો : .................... જિલ્લો : ....................

પીન કોડ : | | | | | | |

મોબાઈલ : | | | | | | | | | | |

**** અરજદારે પોતાનો મોબાઈલ નંબર આપવો. જેથી SMS અપડેટ્સ મળી શકે.***

**પ્રતિ,**
**વ્યવસ્થાપકશ્રી,**
**સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી,**
**રીડ કલબ રોડ, નવી કલેક્ટર કચેરી નજીક, રાજકોટ-૩૬૦ ૦૦૧.**

૧. ઉપરની નોટિસ ગુજરાત સરકારના રાજપત્રના ભાગ-૨ના આગામી અંકમાં પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

૨. હાલ મારી ઉંમર .................... વર્ષ છે.

૩. નોટિસ માટેની રજીસ્ટ્રેશન ફી **રૂા. ૨૦૦/-** મની ઓર્ડરથી મોકલ્યા છે. મેં કાઉન્ટર ઉપર રોકડ/મની ઓર્ડરથી કુલ **રૂપિયા બસ્સો પૂરા** ચૂકવ્યાં છે. મનીઓર્ડર/રોકડ પાવતી નં. .................... તા. .................... છે.

૪. જન્મ તારીખ બદલવાનું કારણ ....................

....................

**સહી/ડાબા હાથનાં અંગૂઠાનું નિશાન કર્યું હોય એ વ્યકિતનું નામ**

**સહી/ડાબા હાથના અંગૂઠાનું નિશાન**

**વાલીની સહી હોય એ વ્યકિતનું નામ**

**વાલીની સહી (સગીરની બાબતમાં)**

**ફોર્મ ચકાસણી કરનારની સહી, નામ અને તારીખ :**

[પાછળ સૂચના જુઓ ➢

# જાહેરખબર આપનાર માટે સૂચનાઓ

(૧) ખરાપણાની ખાતરી કરવા માટે જન્મ તારીખ બદલવાની નોટિસ, આપેલ ફોર્મમાં ટાઈપ કરેલી કે સુવાચ્ય અક્ષરે લખેલી હોવી જોઈએ. નોટિસ આપેલા નિયત નમૂનામાં જ સ્વીકારવામાં આવશે.

(૨) અશિક્ષિત વ્યકિતઓએ અંગૂઠાનું નિશાન માટેની રાખેલી જગ્યા પર પોતાના ડાબા હાથના અંગૂઠાનું નિશાન કરવું. વ્યકિતનું નામ અંગૂઠાનું નિશાન માટે આપેલી અલગ જગ્યા નીચે હોવું જોઈએ.

(૩) સગીર અરજદાર (૧૮ વર્ષથી નીચેની) બાબતમાં આ નોટિસ અરજદારના વાલીએ એના પર સામી સહી કરવી.

(૪) જન્મના પ્રમાણપત્ર મુજબની જન્મ તારીખને સાચી જન્મ તારીખ તરીકે પ્રસિધ્ધ કરવામાં આવે છે જેથી જન્મ તારીખ બદલવાના પૂરાવારૂપે સાચી જન્મ તારીખ અને ખોટી જન્મ તારીખ જે જગ્યાએ નોંધાયેલ હોય તેની સ્વપ્રમાણિત/ખરી નકલ અને જન્મ તારીખ ફેરફાર કરવા અંગેનું અસલ સોગંદનામું પણ ફોર્મ સાથે મોકલવાનું રહેશે. અંગ્રેજીમાં જન્મ તારીખ ફેરફારને પ્રસિધ્ધિ આપવામાં આવતી નથી.

(૫) તા. ૦૩-૦૭-૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : મદણ/૧૧૨૦૨૦/૬૭૨/ડી-૨ થી ગેઝેટનાં e-publishing ની કાર્યવાહીનો અમલ થતાં નકલોનું છાપકામ કરવાનું રહેતું ન હોવાથી કોઈપણ કચેરી કે અરજદારોને ગેઝેટની નકલો પુરી પાડવાની/વિતરણ કરવાની રહેતી નથી. **અરજદારે દર્શાવેલ વેબસાઈટ https://egazette.gujarat.gov.in ઉપરથી અંકની PDF ફાઈલ ડાઉનલોડ કરી જરૂરિયાત મુજબની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.**

(૬) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૩-૦૭-૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : મદણ/૧૧૨૦૨૦/૬૭૨/ડી-૨ મુજબ નામ, અટક તેમજ જન્મ તારીખ બદલવા અંગેની પ્રસિદ્ધિ માટે હવેથી તમામ અરજદાર માટે ₹ ૨૦૦/- રજીસ્ટ્રેશન ફી (નોન રીફંડેબલ) તરીકે નક્કી કરવામાં આવેલ છે.

(૭) ગેઝેટ અંગે કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે ગેઝેટ પ્રસિધ્ધ કરાવનારની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૮) ગુજરાત સરકારના રાજપત્રમાં જન્મ તારીખ બદલવાની જાહેરાત પ્રસિધ્ધ થવાથી સંબંધિત વ્યકિતને સરકારી કે બીજા રેકર્ડમાં જન્મ તારીખ બદલવાનો કોઈ જ હક મળતો નથી. તે જ રીતે જન્મ તારીખ બદલવાની નોટિસ અનધિકૃત વ્યકિતએ આપી હોય તો સરકાર કશી જવાબદારી લેતી નથી. કારણ કે આવી નોટિસ પ્રસિધ્ધ કરવી એ જાહેરખબર છે અને આ રીતે બદલેલી જન્મ તારીખ માટે કોઈ અધિકૃત રેકર્ડ કે પુરાવો નથી.

(૯) જન્મતારીખનું નોટિસ ફોર્મ અને રજીસ્ટ્રેશન ફી **વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રીડ કલબ રોડ, નવી કલેકટર કચેરી નજીક, રાજકોટ-૩૬૦૦૦૧**ની કચેરીમાં મનીઓર્ડર/રોકડેથી સ્વીકારવામાં આવે છે.

(૧૦) જો બે મહિનામાં રાજપત્રમાં પ્રસિદ્ધિ ન મળે તો ફી ભર્યાની વિગત, રજીસ્ટ્રેશન નંબર અને તારીખ સાથે પત્ર/ઈ-મેઈલ દ્વારા રજૂઆત કરવી.

(૧૧) ગુજરાત સરકારના રાજપત્રમાં કોઈ દોષ રહી ગયા હોય, તો રાજપત્ર પ્રસિધ્ધ થયા તારીખથી બે મહિનામાં વ્યવસ્થાપક, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટને તેની લેખિતમાં જાણ કરવી તે પછી જણાવેલી બાબત પર ધ્યાન આપવામાં આવશે નહિ.

(૧૨) જન્મતારીખ બદલવાના ફોર્મ નોટિસ સ્વીકાર કરવાના પ્રસંગે અથવા અસ્વીકાર કરવાના પ્રસંગે અરજદારે રજૂ કરેલ અસલ સોગંદનામું તથા અન્ય સંલગ્ન દસ્તાવેજો અરજદારને પરત કરવામાં આવતા નથી.

**ગેઝેટ અંગેની પુછપરછ માટે નીચેના ઈ-મેઈલ આઈડી પર જરૂરી માહિતી સાથે ઈ-મેઈલ કરવો.**
**Email-Id : gazettehelplinerajkot@gmail.com**

**ગેઝેટ મેળવવા માટેની વેબસાઈટ : https://egazette.gujarat.gov.in**

**નોટિસ ફોર્મ https://egazette.gujarat.gov.in અને https://dgps.gujarat.gov.in પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે. ઉપરાંત બુક ડિપો અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભાવનગર ખાતેથી પણ વિના મૂલ્યે ઉપલબ્ધ થશે.**

**ઓનલાઈન e-Gazette ડાઉનલોડ કરવા માટે :**

૧. સૌપ્રથમ **https://egazette.gujarat.gov.in** વેબસાઈટ ઓપન કરવી.
૨. હોમપેજ પર દર્શાવેલ **Search Gazette Here** ઓપ્શન પર કલીક કરવું.
૩. મુદ્રણાલયનું નામ **Government Press & Stationery, Rajkot** પસંદ કરવું.
૪. ગેઝેટનો પ્રકાર **Ordinary** પસંદ કરવો.
૫. ગેઝેટનો ભાગ **Part-II** પસંદ કરવો.
૬. જો ઈસ્યુ નંબર, વર્ષ કે તારીખની વિગત પ્રાપ્ય હોય તો તે મુજબ વિગત ભરવી.
૭. છેલ્લે **Search** પર કલીક કરવું.
૮. ગેઝેટ સર્ચનું પરિણામ લીસ્ટમાં પ્રિવ્યુ પર કલીક કરવાથી ગેઝેટનું પ્રથમ પેજ દેખાશે.
૯. ગેઝેટ ઈસ્યુની ડાઉનલોડ કરેલ **PDF** ફાઈલ ખોલી તેમાં અરજદાર ગુજરાતી ભાષામાં ફોર્મ મુજબ જન્મતારીખ સર્ચ કરી શકાશે.
૧૦. **PDF** ફાઈલ વિના મૂલ્યે ડાઉનલોડ અને પ્રિન્ટ કરી શકાશે.